## જન્મદિને વધામણી



કાર્તિક પટેલ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૭ ૨૧૯૯૯



ભાવનાબેન પટેલ
લાયોનેસ કલબ



નયનાબેન
ભરતભાઈ પરમાર



સૃષ્ટિ ભરતભાઈ સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩



ભાવિન મુકેશ પરમાર
મો. ૯૧૫૭૭ ૯૨૬૯૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# કલોલ આર્સોડીયામાં કવિ સંમેલન અને રંગોનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી લાભ રૂપમન સોલ્યુસન પ્રા. લિમિટેડ દ્વારા શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશનના સાહિત્યિક સહયોગથી કલોલ શંકરલાલ ચોક્સી ફાર્મ, આર્સોડીયા કલોલ, જી. ગાંધીનગરમાં કવિ સંમેલન અને રંગોનું સ્નેહમિલન તારીખ ૧૯.૧૧.૨૦૧૭ના રોજ બપોરે ૨ વાગે યોજાશે, જેમાં ગુજરાતના ખ્યાતનામ કવિ ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, ચંદ્રેશ મકવાણા, તેજસ દવે, ભાવિન ગોપાણી, હર્ષદ સોલંકી, બાબુલાલ ચાવડા, સંજય થોરાત 'સ્વજન' અને કુંતલ નિમાવત ભાગ લેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશન ના પ્રમુખ કવિ શૈલેષ પંડયા 'ભીનાશ' કરશે. આ સાથે સાથે રંગોનું સ્નેહમિલન પણ યોજાશે. ગુજરાતના ખ્યાતનામ ચિત્રકારો વનમાળી ઠાકોર, નલિન સૂચક, નરેન્દ્ર ચૌહાણ, બિપિન પટેલ, ગણેશ વ્યાસ, જીગરપંડયા એમના રંગોથી વાતાવરણને રંગીન બનાવશે.

આ પ્રસંગે આનર્ત પ્રદેશની નવીન સંસ્થાનું નામકરણ પણ થશે. તો સર્વે કલાપ્રેમીઓને હાજર રહેવા શ્રી લાભ રૂપમન સોલ્યુસન પ્રા. લિમિટેડના વિપુલ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સજીવ ખેતીમાં એક કળા જેટલી જ તાલીમ અગત્યની

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત એસોસિએશન ફોર એગ્રિકલ્ચરલ સાયન્સીસ દ્વારા મંગળવારે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિવિધ પાકો સાથે સર્જાતા બાયોસેફ્ટીના પ્રશ્નો, તેના વૈશ્વિક અનુભવો તેમજ ભારતમાં તેના અમલ પર એક ચર્ચાનું આયોજન થયું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે સ્વીસ ફેડરલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટિગ્રેટિવ બાયોલોજી, એન્વાયરમેન્ટલ બાયસેફ્ટી એન્ડ એગ્રોઈકોલોજી ગ્રૂપ યુનિવર્સિટી, ઝ્યુરીચ, સ્વીત્ઝરલેન્ડના ડૉ. એન્જેલિકા હિલબેક ખાસ હાજર રહ્યા હતા.

તેમણે જણાવ્યુ હતું કે, સજીવ ખેતી એ જમીનમાં માત્ર બીજ, ખાતર અને પાણી નાખી દેવાથી નથી થઈ જતી, તેમાં કોઈ પણ એક કળા જેટલી જ તાલીમ અને ધીરજની જરૂર પડે છે. એક વખત બીજ વાવીને ખેડૂત માર્કેટમાં છવાઈ જવાની અને કમાઈ લેવાની ગણતરી સજીવ ખેતીમાં ન રાખી શકે. બાયોલોજી અને વિજ્ઞાનને અવગણીને સજીવ ખેતીમાં સફળ થવું અશક્ય છે. આપણે ત્યાં રાસાયણિક ખાતર માટેના નિયમો અને નિયમન છે, પરંતુ બીજી કોઈ બાબતોને ધ્યાનમાં લેવામાં આવતી નથી. ખેતીની બાબતને ગંભીરતાથી લેવા બાબતે તેમણે જણાવ્યું હતું કે, આ એક જ એવું ક્ષેત્ર છે, જેમાં કોઈ નિશ્ચિત માળખું નથી, જેને ઈચ્છા થાય તે આ ક્ષેત્રમાં પ્રવેશી શકે છે, ખેતી માટે કોઈ જ પ્રકારના ધારાધોરણો કે ચોક્કસ નિયમો નથી, જેની આપણે હવે જરૂર છે.

# ૩૦મો સર્વ નેતૃત્વ તાલીમ શિબિર યોજાયો






ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ - ૩૦ નિવાસી તાલીમનું આયોજન કડી ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ પાંચ વિદ્યાશાખાના ૬૨ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. માસ્ટર ટ્રેનર અનુરાગ મહેતાએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને સફળ જીવન જીવવા માટે હકારાત્મક અભિગમ સાથે મોટા લક્ષ્ય પ્રાપ્ત કરવાની વિવિધ પ્રવૃતિઓ દ્વારા તાલીમ આપી હતી. વધુ વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે જીવનમાં પેશન રાખો અને લોકો શું કહેશે ? તેની ચિંતા કર્યા વગર પોતાની ખૂબી ને ઓળખી પુરા આત્મવિશ્વાસથી આગળ વધવા અહવાન કર્યુ હતું.

ગેસ્ટ સ્પીકર તરીકે સમજસેવાનું કામ કરતા નિષ્ઠાબેન ઠાકરે શારીરિક વિકલાંગતા હોવા છતાં તેને કેવી મજબુતી થી દૂર હડસેલી સંપૂર્ણ શારીરિક સજ્જ વ્યક્તિઓ સામે ઉદાહરણ પૂરું પાડ્યું હતું. નિરવ શાહે સ્વાનુભવમાં થી પ્રભાવશાળી રીતે ટાઈમ મેનેજમેંટના પાઠ ભણાવ્યા હતા. જે સી પટેલે તેમની આગવી છટામાં વિધાર્થીઓને હળવા મૂડમાં રાખીને જીવનમાં સ્વાસ્થ્ય, પરિવાર અને જીવનમૂલ્યો નું મહત્વ સમજાવ્યું. પૂર્વ તાલીમાર્થી રોનક કડિયા અને સંકેત પટેલે "હેલ્થી કેમ્પસ" પ્રોજેક્ટની રજૂઆત કરી હતી. આ તાલીમના સમાપન કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી ડૉ. મણીભાઈ પટેલ, મહેમાન તરીકે શ્રી દીપકભાઈ તરૈયા, ડૉ.યોગેશ પટેલ અને સર્વ નેતૃત્વના સંયોજક ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમનાં અંતે વિદ્યાર્થીઓએ જુદા જુદા પ્રોજેક્ટ પર કામ કરી સમાજને પરત કરવાનો ભાવ રજૂ કર્યો હતો.

તાલીમના છેલ્લા દિવસે તમામ તાલીમાર્થીઓને મંથન અપંગ કન્યા સેવા સંકુલની મુલાકતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમણે સમાજનો એક અલગ ભાગ કે જેમની દુનિયા જ અલગ છે તેમને જોયા મળ્યા અને ક્યાંક હદયથી તેમના મન સુધી પહોચવાનો અને તેમના માટે કઈ કરી છુટવાની ભવના સાથે છુટા પડ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ, શ્રદ્ધા પંડ્યા, પૂર્વ તાલીમાર્થી મનન પટેલ અને નીલેશ દેવીયાની દ્વારા કરવામાં આવ્યું હતું.

# એસ. જી. અને એસ. વી. શાળામાં મૂલ્ય આધારિત સ્કીટ






એસ. જી. - એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૧ થી ૪ ના બાળકો માટે મૂલ્ય આધારિત સ્કીટનું આયોજન થયું. કડી સર્વ વિદ્યાલય પરિસરમાં આવેલ નાથીબા હૉલમાં ધોરણ- ૧થી૪ના વિદ્યાર્થીઓએ પ્રમાણિકતા, જવાબદારી, મોટાને માન, દયા વગેરે વિષયો પર સ્કીટ રજૂ કરી હતા. બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

# અમદાવાદમાં આજથી 'શ્રીમદ્ રાજચંદ્ર કથા-દર્શન'

ગાંધીનગર, તા. ૧૭

મહાત્મા ગાંધીજીના ધર્મવિચાર પર પ્રબળ પ્રભાવ પાડનાર અને એમની આધ્યાત્મિક ભીડ-મૂંઝવણ સમયે માર્ગદર્શક બનનાર શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન અને તત્ત્વજ્ઞાનને આવરી લઈને 'શ્રીમદ્ રાજચંદ્ર કથા-દર્શન'નામથી એક વિશિષ્ટ વ્યાખ્યાનમાળાનું આયોજન સૌપ્રથમવાર થઈ રહ્યું છે. જેના વક્તાપદે પ્રસિદ્ધ સાહિત્યકાર અને ચિંતક, પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈ રહેશે.

આ વ્યાખ્યાન માળા તા. ૧૮,૧૯ અને ૨૫, ૨૬ નવેમ્બર દરમિયાન ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ, એચ. કે. કૉલેજ કેમ્પસ, હેન્ડલૂમ હાઉસ સામે, આશ્રમ રોડ ખાતે યોજાશે. જે અંતર્ગત તા.૧૮ અને તા.૨૫ નવેમ્બર, શનિવારે રાત્રે ૮.૦૦ વાગ્યે, તથા તા.૧૯ અને તા.૨૬ નવેમ્બર, રવિવારે સવારે ૯.૪૫ વાગ્યે યોજાશે. આ પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્રજીના તત્ત્વજ્ઞાનના મર્મજ્ઞ એવા પૂ. સંતશ્રી આત્માનંદજી, પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી, પૂ. શ્રી ગોકુળભાઈ, આત્માર્પીત અપૂર્વજી ઉપસ્થિત રહેશે.

આ અંગે વિગતો આપતાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે પોતાના ટૂંકા આયુષ્યકાળ દરમિયાન શ્રીમદ્ રાજચંદ્રજીએ માનવજાતિને આધ્યાત્મિક પ્રગતિ કરી શકે એ દિશામાં ગદ્ય અને પદ્ય દ્વારા તથા ઉપદેશ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. એમણે લખેલું ૃફ્ૅ૧૪૭આત્મસિદ્ધિશાસ્ત્રૃફ્ૅ૧૪૮ કાવ્ય એ આત્માના ઉપનિષદ તરીકે પ્રસિદ્ધ છે. શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન, કવન અને આધ્યાત્મિક વિચારો અંગે એમને વિશે ગુજરાતી અને અંગ્રેજીમાં ગ્રંથરચના કરી છે અને પ્રવચનો આપ્યા છે. શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન આજના માનવીને માટે સ્વયં એક સંદેશ બની ગયું છે. બાહ્ય ઉપાધિ અને પ્રબળ વ્યાધિ વચ્ચે જીવતા માનવીને માટે એમનું જીવન સમતાનો શીતળ છાંયડો બની રહ્યું. એમનાં વચનોમાં હૃદયપરિવર્તનની તાકાત હતી અને એમના આત્મલક્ષી ચિંતનમાં ભીતરમાં ખોજ કરવાનું આવાહન હતું.

# જીટીયુનો વાર્ષિક પદવીદાન સમારંભ જાન્યુઆરીમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ન વાર્ષિક પદવીદાન સમારંભ આગામી જાન્યુઆરીમાં યોજાશે. આ માટે હાલમાં ચીફ ગેસ્ટ તરીકે કોને બોલાવવા તેનુ નામ નક્કી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ વખતે પદવીદાન સમારંભનું સ્થાન બદલવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. યુનિવર્સિટીનો વાર્ષિક પદવીદાન સમારંભ સમાન્ય રીતે કેમ્પસમાં જ યોજવામાં આવતો હોય છે. સૂત્રો કહે છે ચાલુ વર્ષે પદવીદાનનું સ્થળ બદલીને ગાંધીનગર ખસેડાય તેવી શકયતા છે. પદવીદાનમાં પદવી લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની સૂચના આપી દેવાઈ છે. જે પ્રમાણે ૧૫મી ડિસેમ્બર સુધીમાં વિદ્યાર્થીઓએ ફોર્મ ભરી દેવાના રહેશે. બીજી બાજુ યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા વહીવટી કર્મચારીઓની જગ્યાઓ ભરવા માટે અનેક વખત સરકાર સમક્ષ રજૂઆતો કરાઈ હતી. જેના અનુસંધાનમા તાજેતરમાં વહીવટી વિભાગની અંદાજે ૪૦ જેટલી જગ્યાઓ ભરવાની મંજૂરી આપી દેવાઈ છે. જો કે, હાલમાં ચૂંટણી માટેની આચારસંહિતા લાગુ હોવાથી આ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચૂંટણી પછી કરાશે.

# રામાયણના પ્રસંગોની નૃત્યનાટિકા દ્વારા સંગીતમય પ્રસ્તુતિ





## સંત તુલસીદાસ રચિત રામચરિત માનસના સાત સ્કંધના વિવિધ પ્રસંગોની ઉત્તર ભારતના સંગીત અને દક્ષિણ ભારતના નૃત્યના સમન્વય સાથે નાવિન્યસભર પ્રસ્તુતિ કલાગુર્જરી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ અને વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું




રામાયણમાં જવાબદારી, સંબંધ, દેશભક્તિ, આદર્શ ભાઈ-પતિ, પત્ની-રાજા-સેવક-રાજનીતિ બધું જ છે. રામાયણ માત્ર ભારત નહીં, પણ દક્ષિણ એશિયાનાં દેશોમાં પણ સ્વીકાર્ય છે. તુલસીદાસ રચિત રામાયણ એ સંગીતમય ચોપાઈ આધારિત છે. એ ચોપાઈ પરથી જ અવધી અને હિન્દી ભાષાના સમન્વયથી એક ૯૦ મિનીટની નૃત્યનાટિકા બનાવવામાં આવી છે. આ નૃત્યનાટિકાની પરિકલ્પના, સંકલન અને નૃત્ય નિર્દેશન જાણીતાં શાસ્ત્રીય નૃત્ય ગુરુ ડોલી દેસાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું છે. ગત મહિને મોરારિબાપુની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ આ 'શ્રી રામનાટકમ'નો પ્રયોગ સોમનાથ ખાતે નવા રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સમયે કરવામાં આવ્યો હતો, જેની સરાહના થઈ હતી. એટલે એ જ પ્રયોગ ગાંધીનગર ખાતે કલાગુર્જરી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ અને વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર, ઉદયપુરના સૌજન્યથી કરવામાં આવ્યો હતો.

'જય સૂર નાયક, જય સુખ નાયક...' સાથે રામાયણની કથાનો નૃત્ય દ્વારા પ્રારંભ થયો. છ નૃત્યાંગનાઓ અને કૌશલ્યાએ રામના જન્મપ્રસંગને સુંદર રીતે ઉપસાવ્યો. પછી તો નૃત્ય અને સંગીતની એવી સંગત જામી કે સૌ મોહિત થઈ ગયાં. ઋષિઓની આહૂતિ અને સાથે રામ-લક્ષ્ણ દ્વારા યુદ્ધનું દશ્ય અસરકારક રીતે પ્રસ્તુત કરવામાં આ કલાકારો સફળ રહ્યાં. નૃત્યનાટિકાની વિશેષતા એ હતી કે છ નૃત્યાંગનાઓ પ્રસંગનો માહોલ બનાવતી જ્યારે મુખ્ય કલાકારો સંબંધિત પ્રસંગ ભજવી જતા હતા. ક્યાંય કોઈ રસભંગ ન થાય એમ આ આખીય ભજવણી ચાલતી રહી.

શ્રી રામનાટકમના સૂત્રધાર ભાર્ગવ ઠક્કર રામાયણના પ્રસંગોની પૂર્વભૂમિકા બાંધીને જતા એટલે આવનારા પ્રસંગો સમજવામાં પ્રેક્ષકોને સરળતા રહેતી.

સમગ્ર નૃત્યનાટિકાના સંગીત માટે ખૂબ જ ઓછાં સધાનોનો ઉપયોગ થયો હતો. મોટાભાગનું કામ અભિનયથી જ લેવાયું હતું.

આ સંગીત નાટકની બીજી વિશેષતા એ છે કે તેની સાથે જોડાયેલાં ત્રણ કલાકોર ગુજરાત ગૌરવ પુરસ્કારથી નવાજાયેલાં છે - ડોલી દેસાઈ, નીરજ પરીખ (આ કૃતિના સંગીતકાર) અને ડૉ. વિજય પંડ્યા (કૃતિના વિષયનિષ્ણાત).

નાટકમાં સતત ઉપસ્થિત રહેલી નૃત્યાંગનાઓ હતી - આસ્થા પટેલ, શિખા રાદડીયા, તન્મયી રાપુરી, વેદાંશી પંડ્યા, મનિષા કુરુર, ગ્રીવા આચાર્ય, છવી તલાય. કલકારો હતા - પંકજ પટેલ, જિજ્ઞેશ સુરાણી, કલરવ દવે, મિલીંદ દિક્ષીત, આકાંક્ષા પટેલ શિવાંકર પાઠક, જે એક અચ્છા નર્તક છે. સંસ્કૃતમાં માસ્ટર્સ થયેલા તેઓ વેદ વિભૂષણ સન્માન પણ ધરાવે છે.

રામનાટકમનું સંકલન, નૃત્ય નિર્દેશન કરનાર ડોલી દેસાઈએ કૈકેયી, શૂર્પણખા, અહલ્યા, ત્રિજટા અને કૌશલ્યા જેવાં અનેક કિરદાર નિભાવ્યાં. જાણીતા હિન્દી ભજન અને અવધી, હિન્દી ભાષા વચ્ચે આવેલાં બે ગુજરાતી ભજન ટાળ્યાં હોત તો કદાચ વધુ સારું લાગત એવું અનુભવાયું. અલબત્ત, આખીય પ્રસ્તિતિ યાદગાર રહી એ વાત તો સ્વીકારવી જ રહી.

# કારતક મહિનામાં પૂર્ણિમા અને અમાસ બંનેનો સંયોગ

જૈનવિજ્ઞાની, આચાર્ય નંદિઘોષસૂરીશ્વરજી મ.સા.એ જણાવ્યું છે કે શનૈશ્વરી અમાસનાં રોજ વૃશ્ચિક, ધન, મકર, મીન અને કર્ક રાશિ અથવા લગ્નવાળા જાતકોએ શનિની આરાધના કરવી. જૈન પરંપરા પ્રમાણે પનોતીવાળા જાતકોએ શ્રીમુનિસુવ્રત સ્વામીની આરાધા કરવી. આ આરાધના દ્વારા પૂર્વભવમાં બાંધેલા અશુભ કર્મોની તીવ્રતા ઓછી થાય છે અને એ રીતે પનોતીમાં શૂળીનો ઘા સોયથી સરી જાય છે.

તા.૧૮મી નવેમ્બરના રોજ શનૈશ્ચરી અમાસ આવી છે. કારતક મહિનામાં પૂર્ણિમા અને અમાસ બંને શનિવારે આવ્યા છે ત્યારે આ દિવસ મંત્રસિદ્ધિ, ધન-આર્થિક લાભ મેળવવા માટે શુભ દિવસ માનવામાં આવે છે. સાથે જ શનિની કૃપા પ્રાપ્તિ માટે પણ આ દિવસ ખૂબ જ ઉત્તમ ફળદાયી બની રહેશે. દાન-પુણ્ય પણ આ સમયમાં ઉત્તમ ફળદાયી બની રહેશે.

શનિવારે અમાસ છે. અમાસના દિવસે સામાન્ય રીતે સૂર્ય અને ચંદ્ર બંને સાથે હોય છે. કારતક વદ અમાસનાં રોજ સવારે સૂર્યોદય સમયે સૂર્ય અને બુધ બંને વૃશ્ચિક લગ્નમાં છે. જ્યારે ચંદ્ર, શુક્ર અને ગુરુ તુલા રાશિમાં બારમા સ્થાને છે. ચંદ્ર અને ગુરુનો ગજકેસરી યોગ થાય છે. બારમે રહેલો ગુરુ ચોથા, છઠ્ઠા અને આઠમા સ્થાન ઉપર દૃષ્ટિ કરે છે માટે માતા સંબંધી સુખ, જમીન-મકાન વગેરેનાં કાર્યોમાં સરળતા તથા રોગ અને કોર્ટ-કચેરીમાં વિજય પ્રાપ્તિ માટેનો પણ શુભ સમય છે.

તેમણે જણાવ્યું કે શનૈશ્વરી અમાસનાં દિવસે સવારે ૧૧.૦૫ મિનિટથી લઈને બપોરે ૧૨.૫૦ મિનિટ સુધી મકર લગ્ન આવે છે. મકર લગ્નમાં કેતુ છે અને તેની સાથે દસમા સ્થાનમાં ચંદ્ર, ગુરુ અને શુક્ર છે. એટલે ચોથા સ્થાન અને ધન સ્થાન પર દૃષ્ટિ કરતો હોવાથી જમીન-મકાન વગેરેનાં કાર્યમાં અને વેપારમાં લક્ષ્મીની પ્રાપ્તિ થનારા કાર્યોમાં સફળતા મળી શકે છે અને ચંદ્ર ૧૨.૫૧ મિનિટે તુલામાંથી વૃશ્ચિક રાશિમાં આવે છે અને સૂર્ય, બુધ અને ચંદ્ર ત્રણે એક જ રાશિમાં આવે છે. સામાન્ય રીતે ચૌદશ, અમાસને ભારતીય સંસ્કૃતિમાં અશુભ માનવામાં આવે છે, પરંતુ પાશ્ચાત્ય જ્યોતિષશાસ્ત્રમાં સૂર્ય-ચંદ્રની યુતિને શુભ માનવામાં આવે છે. તેને એસ્ટ્રોફિઝિક્સના સિદ્ધાંત પ્રમાણે સૂર્યના કોસ્મિક રેઝ અને ચંદ્રના કોસ્મિક રેઝ બંનેની સંયુક્ત અસર પૃથ્વી અને પૃથ્વી પર રહેનારા સ્થાનો ઉપર થાય છે અને એ સૌથી વધુ શક્તિશાળી હોય છે.